## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ના, એમને લાંબુ ભાષણ કરવાની ટેવ છે... એ ૨૦૨૪ની ચૂંટણી વિષે નહી પણ ૨૦૧૯ની ચૂંટણી વિષે જ કહી રહ્યા છે...

# નાસ્મેદ અને રામપુરા ગામે મેલેરિયા વિરોધી દવાનો છંટકાવ થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના બે ગામોમાં મેલેરિયા વિરોધી દવાનો છંટકાવ કરવામાં આવશે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાના કલોલ તાલુકાના નાસ્મેદ અને માણસા તાલુકાના રામપુરા ગામે આ વખતે મેલેરિયા વિરોધી દવાનો છંટકાવ કરવામાં આવશે. આ બે ગામોની વસ્તીને ધ્યાને લઈ ત્યાં નોંધાયેલા કેસોને પગલે આ સ્પ્રે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત રાજ્ય બનાવવાનો નિર્ણય કર્યો છે. આ લક્ષ્યાંકને પણ દવાના છંટકાવ માટે નજર સમક્ષ રાખી નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી મેલેરિયાના કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જોકે એક તબક્કે જિલ્લો સ્પ્રે મુક્ત જિલ્લો બન્યો હતો તે પણ નોંધનીય છે. આ બન્ને ગામની મળી કુલ ૪ હજાર જેટલી વસ્તી થાય છે.

# શાહપુર સર્કલ નજીક એક્ટીવા ચાલકનું મોત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા શાહપુર સર્કલથી ગામ તરફ જતા માર્ગ પર હીટ એન્ડ રનનો બનાવ બનવા પામ્યો છે. ડભોડા ખાતે રહેતી ૩૦ વર્ષિય પરિણિતા પિયર સુઘડથી એક્ટીવા લઈને નીકળ્યા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે શાહપુર સર્કલથી ગામ તરફ જઈ રહ્યા હતા તે સમયે ટક્કર મારતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને સારવાર મળે તે પહેલા તેણીનું મૃત્યું નિપજયું હતું.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર ઈન્ટરનેશનલ માધ્યમિક શાળામાં શિક્ષક એવા નિલેશબાઈ પોપટભાઈ પટેલ ડોડામાં લવારપુર રોડ પર પરિવાર સાથે રહે છે. સોમવારના રોજ સવારે આડા આઠ વાગ્યાના અરસામાં તેમના પર ફોન આવ્યો હતો કે તમારા સંબંધી બેન શાહપુર સરકલથી ગામ તરફ ઝતા રોડ પર શ્રી રંગ પ્લાઝાની સામે અકસ્માત થયો છે. જેને પગલે તેઓ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીને જોયું તો તેમના બાઈ યોગેશભાઈ પટેલની પત્ની આશાબેન ઉં.વ.-૩૦ ગંભીર હાલતમાં રોડની સાઈડમાં પડેલા હતા.આ સમયે જ એમ્બ્યુલન્સ આવતા તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જયા ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતને પગલે નિલેશભાઈની ફરીયાદને પગલે ઈન્ફોસીટી પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



સમગ્ર લોહાણા સમાજનું ગૌરવ ગુજરાત સરકારના આઈ.એ.એસ. અધિકારી જે.ટી. અખાણીના નિવૃત્તિ પ્રસંગે લોકસાહિત્યકાર વિનોદભાઈ ઉદેચા તથા લોહાણા સમાજના અગ્રણી કિરીટભાઈ એ. ઠકકર દ્વારા તેમને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા આપવામાં આવી હતી.

# અમદાવાદનાં આંબલીની પાસે ટ્રેનની હડફેટે આવતા બે મોત

અમદાવાદ નજીક આંબલી રોડ રેલવે સ્ટેશન નજીક આજે સવારે ટ્રેનની અડફેટે એક માતા અને છ માસના પુત્રના કરૂણ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને માતા અને તેના છ માસના બાળકની લાશ જોઈને ત્યાં દોડી આવેલા સૌકોઈમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. સમગ્ર બનાવ અંગે સાબરમતી પોલીસે પણ જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# સેકટરમાં હજુ નવા સરકારી આવાસો બાંધવા માટે ખાસ આયોજન કરાશે

### સે - ૭ બાદ સે-૨૯ અને સે-૩૦ માં કામગીરી પુર્ણ કરાયા બાદ સે-૬ માં નવા આવાસોનુ નિર્માણ કામ ચાલી રહ્યુ છે : જુના આવાસો તોડી નવા બાંધવા માટે જગ્યાનો અભ્યાસ કરી સ્થળ નક્કી કરાશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો હવે ખંડેર બનતા તબક્કાવાર મકાનો તોડવા માટે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે સે-૭ સે-૨૮ અને સે-૨૯ માં નવી આવાસ યોજના તૈયાર કરાયા બાદ હાલ સે-૬ માં પણ નવા આવાસો બાંધવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં સે-૨૨ માં પણ નવી ટાવર કોલોની તૈયાર કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. શહેરમાં વધુ નવા સરકારી આવસો બાંધવા માટે આગામી દિવસોમાં સ્થળ સ્થિતિનો અભ્યાસ હાથ ધરાશે.

ગાંધીનગરમાં સરકારી મકાનો વર્ષો જુના અને ખંડેર હાલતમાં છે. તંત્ર દ્વારા જુના મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જુના અને ખંડેર મકાનો તોડવા માટે અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. સે-૨૯ અને સે-૩૦ માં નવી આવાસ યોજના તૈયાર કરી દેવામાં આવી છે. જયારે સે-૭ માં પણ નવા મકાનોમાં કર્મચારીઓનો વસવાટ શરૂ થઈ ગયો છે. જયારે હજુ પણ સે-૬માં નવા આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. બી અને સી કેટેગરીના નવા આવાસો બાંધવામાં આવ્યા બાદ પણ નવા મકાનોની હજુ પણ જરૂરિયાત હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો તોડવાનુ કામ પણ સમાંતર ચાલી રહ્યુ છે. જયારે મોટાભાગના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાનુ તારણ પણ બહાર આવ્યા બાદ જુના મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરીને નવા આવાસો બાંધવા માટે પણ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. સરકારી ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. સે-૬ માં આગામી બે વર્ષમાં નવા આવાસો તૈયાર થઈ ગયા બાદ કર્મચારીઓને આવાસ ફાળવવાની કામગીરીમાં પણ ગતિ આવશે. જયારે સેકટરોમાં સ્થિત કંગાળ અને જોખમી આવાસો ધીમે ધીમે દુર કરવા માટે તબક્કાવાર આ મકાનો તોડવાનુ પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે સે-૬ ઉપરાંત અન્ય સે-૨૨ માં પણ નવા આવાસો બાંધવા માટે તંત્ર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં જોખમી મકાનો દુર કરી નવા મકાનો બાંધવા માટે સ્થળ સ્થિતિનો પણ અભ્યાસ કરાશે.

# પ્લાસ્ટીકના બેરલની આડમાં વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

ગાંધીનગર, તા. ૨

હિંમતનગરથી ચિલોડા તરફ આવી રહેલી ટાટા ૭૦૯ ટ્રકમાં પ્લાસ્ટીકના બેરલની આડમાં વિદેશી દારુ કિ.૪,૮૯,૬૦૦ નો ભરીને લઈ જતા બે શખ્સોને ચિલોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે દારુ,ટ્રક અને મોબાઈલ સહિત કુલ રૂ. ૯,૯૦,૬૦૦ ના મુદામાલ કબ્જે કરી બે ઈસમની અટકાયત કરી વધુ તપાસ પીએસઆઈ આર.ડી.દામા ચલાવી રહ્યા છે.




પોલીસ પાસેથી મળતી વિગત મુજબ આગામી લોકસભાની સામાન્ય ચુંટણીને અંતગર્ત વાહન ચેંકીગ સઘન બનાવવા તેમજ દારુની અસામાજીક બદી દુર કરવા ઉચ્ચકક્ષાએથી સુચના મળતા ચિલોડા પોલીસ મથકના પીઆઈ વાય.આર.વાઘેલા અને ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે સોમવારના રાત્રીના સમયે હિંમતનગરથી એક ટાટા ૭૦૯ મોડલની ટ્રક નં.જી.જે.૦૧.ટી.ટી.-૯૨૧૩ કે જેમાં પ્લાસ્ટીકના ખાલી બેરલ ભરેલા છે. તેના ઉપર તાડપત્રી બાંધેલી છે. તેમાં ભારતીય બનાવટનો વિદેશી દારુ ભરેલો છે અને ચિલોડા તરફ આવી રહી છે. જેને પગલે ચિલોડા પીઆઈ વાય. આર. વાઘેલા અને પીએસઆઈ આર.ડી.દામા તેમજ એમ.વી. દેસાઈ સહિત હે.કો. રમાજીભાઈ મંગાભાઈ, પો.કો.વિરેન્દ્રસિંહ રજબસિંહ સહિતના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ ઉપર નાકાબંધી કરી ટ્રક નં.જી.જે.૦૧. ટીટી-૯૨૧૩ ને પકડી પાડી હતી.

પોલીસને ટ્રકમાંથી વિવિધ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારુની કુલ ૧૦૨ પેટીઓ , બોટલ નંગ-૧૨૨૪ કિ. રૂ. ૪,૮૯,૬૦૦ તેમજ ગાજી.કિ. ૫,૦૦,૦૦૦ તથા બે મોબાઈલ ફોન કિ.રૂ.૧૦૦૦ મળી કુલ રૂ.૯,૯૦,૬૦૦ નો મુદામાલ સાથે ઈસમ મોહમદબિલાલ અબ્દુલ રહેમાન દાણીલીમડા, રહે. ગુલમહોર નોમાનનગરી, તથા દાનીશખાન હનીફખાન પઠાણ રહે. દાણીલીમડા, અમદાવાદને પકડી પાડ્યો છે અને દારુ ભરી આપવનાર વિજય નામનો શખ્સ અને દારુ મંગાવનાર સિદીક રહે.નારોલ વટવા અમદાવાદને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. જયારે આ અંગે વધુ તપાસ ચિલોડા પીએસઆઈ આ.ડી.દામા ચલાવી રહ્યા છે.

# એસ.ટી. ડેપો સંકુલમાં મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી પણ નસીબ થતુ નથી

### ડેપો સંકુલમાં બે વોટર કુલરો બંધ હાલતમાં મુસાફરોને હાલાકી


ગાંધીનગર તા ૨

ગાંધીનગર એસ ટી ડેપોમાં આકરી ગરમીમાં પણ મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી નસીબ થતુ નથી. છેલ્લા ઘણાં સમયથી ડેપો સંકુલમાં સ્થિત બન્ને વોટર કુલરો બંધ હાલતમાં છે. એસ ટી ડેપોમાં રોજબરોજ સેંકડો મુસાફરોની અવરજવર રહે છે. જયારે સ્માર્ટ ડેપો અને સુદ્રઢ વહીવટની વાતો વચ્ચે મુસાફરોની સુવિધાને અપગ્રેડ બનાવાની વાતો થાય છે. ત્યારે અસહ્ય ગરમીમાં મુસાફરોને પીવાનુ પાણી પણ મળતુ નથી.

ગાંધીનગર ડેપોને સ્માર્ટ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. જયારે સલામત સવારી માટે હજુ પણ યોગ્ય રૂટ ગોઠવાય તેમજ જિલ્લાના ગામડાઓમાં પણ બસ સુવિધા મળી રહે તેવી માંગ ઉઠવા પામી છે. ત્યારે એસ ટી ડેપોમાં પણ મુસાફરોને લગતી સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના સંદર્ભે કોઈ આયોજન થતુ નથી જયારે મુસાફરોની સલામતીનો મુદ્દો પણ હજુ રામભરોસે છે. ત્યારે ડેપો સંકુલમાં રોજબરોજ મુસાફરો દુવિધાઓનો ભોગ બની રહ્યા છે. એસ ટી ડેપોમાં મુસાફરોને પુછપરછ કાઉન્ટર પર ઘણીવાર કોઈ મળતુ નથી. જયારે કેન્ટીન સુવિધા પણ નિયમિત નથી. ઉનાળાની કારમી ગરમીના દિવસોમાં એસ ટી ડેપોમાં વોટર કુલરો પણ બંધ છે. એસ ટી સંકુલમાં મુસાફરોને પીવાના ઠંડા પાણીની સુવિધા મળી રહે તે માટે ડેપો સંકુલમાં બે વોટર કુલર મુકવામાં આવ્યા હતા. પરંતુ બન્ને વોટર કુલર બંધ હાલતમાં છે. જેથી ગરમીમાં તરસ છીપાવવા મુસાફરોએ વલખા મારવા પડે છે. આક્રમક ગરમીમાં રાહદારીઓને પીવાનુ ઠંડુ પાણી મળી રહે તે માટે નગરના સેવાભાવી આગેવાનો પાણીની પરબ શરૂ કરે છે .જયારે ડેપો સંકુલમાં જ મુસાફરોને ઠંડુ પાણી નસીબ ન થાય તેવી સ્થિતિ સર્જાઇ છે.

# ચૂંટણીના પ્રચાર-પ્રસારની રીત-ભાત યોગ્ય છે ?

ચૂંટણીના પ્રચાર પ્રસારમાં બેસુમાર ખર્ચ થાય છે. આમ નાગરિકોને ઠાલા વચનો આપી પ્રજાને ભરમાવવાનો પણ પ્રયાસ થાય છે. ચૂંટણી પ્રચારના મુદ્દાઓ પણ હવે બદલાઈ ગયા છે. દેશની સુરક્ષા અને ધાર્મિક બાબતો પ્રચારના મુદ્દા બની રહ્યા છે. જેના લીધે સમાજમાં પણ ખોટો મેસેજ જાય છે. આમ નાગરિકોને રોજબરોજ સ્પર્શતા પ્રશ્નોની અવગણના થાય છે. તંદુરસ્ત સમાજજીવન અને પારદર્શક નીતિ-રીતિને પ્રોત્સાહિત કરી શકે તે પ્રકારનું વાતાવરણ ચૂંટણી પ્રચાર દરમિયાન પણ કોરાણે રહી જતું હોય તેવું ચિત્ર સ્પષ્ટ થાય છે. અવનવી માર્કેટીંગ સ્ટ્રેટજી અપનાવી રાજકીય પક્ષો પ્રજાનો વિશ્વાસ હાંસલ કરવા મથી રહ્યા છે તેવો સુર આમ નાગરિકોમાં પ્રબળ બન્યો છે.



ચૂંટણીના પ્રચાર-પ્રસારની હાલની રીતભાત ઘણી ખામીઓ વાળી છે. દરેક પક્ષ માત્ર પોતાની ઉજળી બાજુ અને બીજાની કાળી બાજુ રજુ કરે છે અને આ વાત મિડીયા દ્વારા રંગારોગાન કરીને, મરી-મસાલા ભભરાવીને લોકો સુધી પહોંચાડવામાં આવે છે તેથી મીડિયાના વાચકો અને દર્શકો બીજાને આંખે જોતા થઈ જાય છે. મીડિયા દ્વારા થતું અમલીકરણ છે. ખરેખર તો મીડિયા એ તટસ્થ વિચારકોના અભિપ્રાયો પ્રજા સમક્ષ મુકવા જોઈએ.

● ડો. સોમભાઈ સી. પટેલ



હાલની પ્રચારની રીત મને પસંદ નથી. દરેક પક્ષ મોટી મોટી રેલી કાઢીને પ્રજાનો સમય બરબાદ જ કરે છે. તેમાં પણ તેમની પાર્ટીની સરકારે કરેલા કામ ગણાવે પણ પોતે વિસ્તારમાં કરેલા કામ નથી કોઈ કહેતું. ઉમેદવાર તરીકેના પ્રચારમાં ખુદ પ્રજા માટે પોતે શું કર્યું કે કરશે તે હોવું જોઈએ. પ્રચારકો બોલાવીને માર્કેટીંગ કરવા કરતાં પ્રજાનો વિશ્વાસ જીતવા પ્રચાર કરવો જોઈએ.

● કર્ણવ દવે



મુદ્દા આધારિત જે પ્રચાર થવો જોઈએ અને ચૂંટણી ઢંઢેરો બહાર પડે એને વળગી રહેવું જોઈએ તે ઢંઢેરો બહાર પડતો નથી અને સભામાં જે વચનો આપવામાં આવે છે તેની મર્યાદા સમજીને વચનો આપવા જોઈએ. વચનો આપ્યા પછી તેની સતત કાળજી લેવાવી જોઈએ તે લેવાતી નથી અને પ્રજાને તો તેમની ઈચ્છા વિશે કોઈ પૂછતું જ નથી.

● અરૂણ બુચ



આટલા જોરશોરથી ચૂંટણીના નગારા વાગી રહ્યા છે ત્યારે મહત્વના પક્ષોની ચૂંટણી પ્રચારની રીત જોતા એમ લાગે છે કે એક સંપૂર્ણ પાકે જ બુધ્ધિજીવીઓ, મધ્યમ વર્ગ અને ગરીબો માટે બની રહ્યું છે. પણ પ્રશ્ન એ છે કે તે અલગ અલગ પાર્ટી દ્વારા અલગ અલગ વર્ગ માટે થઈ રહ્યું છે તેમજ ચૂંટણીના મોટા ભાગના દાવપેચ આતંકવાદી હુમલાઓ, સ્પેસ અને રાફેલ જેવા મુદ્દાઓને ધ્યાનમાં લઈને રમાયા છે પણ સાથે જ નાગરિકોને મુંઝવતા રોજબરોજના મહત્વના પ્રશ્નો તરફ દુર્લક્ષ સેવાયું છે તેનો ખેદ છે.

● દિશા પોપટ

આજના સમયમાં પહેલાની ચૂંટણી પ્રસારની રીતભાત કરતા સાવ બદલાઈ ગઈ છે. અત્યારની રીત અમુક અંશે યોગ્ય કહી શકાય અને અયોગ્ય એટલા માટે કારણ કે અત્યારે પ્રચારમાં લાખો રૂપિયાનો બગાડ કરવામાં આવે છે અને સાથે સાથે પ્રચારમાં લોકોને બહુ જ હેરાન થવું પડે છે.

નેતાઓ દેશની સુરક્ષા, સેના, ધાર્મિક બાબતોને ચૂંટણીના મુદ્દાઓ બનાવીને લોકોને એકબીજાની વિરોધમાં ઉશ્કેરવામાં આવે છે જેના કારણે લોકોમાં અમુક અંશે ખોટો મેસેજ અને સમજ ઉભી થાય છે મારા માટે સૈનિકો, હિંદુ-મુસ્લિમ જેવા વિષયોને બાદ કરીને ચૂંટણી પ્રચાર કરવો જોઈએ.

● સંજય રાણા

# હાર્દિકની અરજી સંદર્ભે તુરંત સુનાવણી માટે સુપ્રિમનો ઈન્કાર

### ચૂંટણી લડવા ઉપર સ્ટે મુકવા માટેના હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને હાર્દિક પટેલે સુપ્રીમ કોર્ટમાં ઘા નાંખી હતી

નવીદિલ્હી,તા. ૨

લોકસભાની ચૂંટણી લડવા માગતા કોંગ્રેસના નેતા હાર્દિક પટેલને સુપ્રીમ કોર્ટે આજે બહુ ઝટકો આપ્યો છે. વિસનગરના તોડફોડના કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા બે વર્ષની સજા ફરમાવતા અને તેને દોષિત ઠરાવતા હુકમને પડકારતી પિટિશનનું અરજન્ટ હીયરીંગ કરવા હાર્દિક પટેલ તરફથી સુપ્રીમકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. જો કે, સુપ્રીમકોર્ટે હાર્દિકની અરજીનું અરજન્ટ હીયરીંગ કરવાની ધરાર ના પાડી દીધી હતી અને હાર્દિકના વકીલોએ આ માટે સુપ્રીમકોર્ટને વિનંતી પણ કરી હતી પરંતુ સુપ્રીમકોર્ટે આ અરજીની સુનાવણી તા.૪થી એપ્રિલ પર મુકરર કરી હતી. જેને પગલે હવે હાર્દિકની અરજી તા.૪થી એપ્રિલના રોજ સુનાવણી અર્થે નીકળશે. સુપ્રીમકોર્ટે આજે તેના કેસની અરજન્ટ હીયરીંગ નહી કરતાં હાર્દિકની મુશ્કેલી વધી છે કારણ કે, કદાચ તે લોકસભા ચૂંટણી ના લડી શકે તેવું બને કારણ કે, તા.૪થી એપ્રિલ ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ છે. સિવાય કે, તા.૪થી એપ્રિલે સુપ્રીમકોર્ટ હાર્દિકને કોઇ રાહત આપે તો તે ચૂંટણીમાં ઝંપલાવી શકશે. બાકી હાલ તો, હાર્દિકની મુશ્કેલી વધી છે. તા.૪ એપ્રિલે ગુજરાત લોકસભા ચૂંટણીના ફોર્મ ભરવા માટેનો છેલ્લો દિવસ છે. સુપ્રીમ કોર્ટ ૪ એપ્રિલે શું ચુકાદો આપે છે તેના પર હવે બધાની નજર રહેશે. વિસનગરના ધારાસભ્યની ઓફિસમાં તોડફોડના કેસમાં પોતાને દોષિત ઠરાવતાં અને બે વર્ષની સજા ફરમાવતાં વિસનગર સેશન્સ કોર્ટના હુકમ સામે સ્ટે માંગતી હાર્દિક પટેલની રિટ અરજી ફગાવવાના ચુકાદાને હાર્દિક પટેલે પણ સુપ્રીમકોર્ટમાં પડકાર્યો છે. આગામી લોકસભા ચૂંટણી લડી શકાય તે હેતુથી હાર્દિક પટેલે સુપ્રીમકોર્ટમાં મહત્વની પિટિશન દાખલ કરી છે. જો કે, સુપ્રીમકોર્ટે તેની આ અરજીની અરજન્ટ અથવા તો તાકીદની સુનાવણી હાથ ધરવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો અને કેસની સુનાવણી તા.૪થી એપ્રિલ પર રાખી હતી. અગાઉ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એ.જી.ઉરેઝીએ હાર્દિક પટેલની અરજી આકરા વલણ સાથે ફગાવતાં લોકસભાની આગામી ચૂંટણીમાં હવે હાર્દિક પટેલ પોતાની ઉમેદવારી ના કરી શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. હાઈકોર્ટે હાર્દિક પટેલને દોષિત ઠરાવતાં ટ્રાયલ કોર્ટના હુકમને યોગ્ય અને વાજબી ગણાવ્યો હતો. આમ, હાર્દિક દોષિત બરકરાર રહેતાં લોક પ્રતિનિધિત્વ ધારા અને ચૂંટણી માર્ગદર્શિકાના નિયમો મુજબ, તેના લોકસભા ચૂંટણી લડવા સામે મુશ્કેલી ઉભી થઈ હતી. જેથી ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદા સામે હાર્દિક પટેલ દ્વારા સુપ્રીમકોર્ટમાં અરજન્ટ પિટિશન મુવ કરાઈ હતી. હાર્દિક પટેલ તરફથી પિટિશનમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, વિસનગરના ધારાસભ્યની ઓફિસમાં તોડફોડના કેસમાં ટ્રાયલ કોર્ટે તેને બે વર્ષની સજા ફટકારી હતી. સજાના આ હુકમને પડકારતી અપીલમાં કોર્ટે તેની બે વર્ષની સજા પર તો સ્ટે આપ્યો છે.

# રેશ્મા પટેલ પોરબંદરમાં અપક્ષ ઉમેદવાર બન્યા, હાર-જીત મારા માટે મહત્વની નથી



ભાજપના પૂર્વ કાર્યકર્તા અને એક સમયના પાટીદાર મહિલા નેતા રેશ્મા પટેલે પોરબંદર લોકસભા બેઠકથી ઉમેદવારી પત્ર ભર્યું છે. તેમને કોઈ પાર્ટીએ ટિકીટ આપી નથી તેથી તેઓ અપક્ષ તરીકે લડી રહ્યાં છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં તેઓ પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વિનર હાર્દિક પટેલના સાથી સભ્ય હતા. તેમણે ગુજરાત સરકાર અને નરેન્દ્ર મોદી વિરૂદ્ધ અનેક નિવેદનો આપ્યાં હતા. પાટીદાર અનામત આંદોલન જયારે પૂરજોષમાં હતું ત્યારે રેશ્મા પટેલે તેમની તેજાબી વાણીથી ભાજપના નેતાઓને ઘાયલ કર્યા હતા.




જો કે વિધાનસભાની ચૂંટણી આવતાં રેશ્મા પટેલને ભાજપે તેમની પાર્ટીમાં સામેલ કરી હાર્દિક પટેલની વિરૂદ્ધમાં નિવેદનો આપવા દબાણ કર્યું હતું. ભાજપમાં પ્રવેશ પછી પણ રેશ્મા પટેલને કોઈ પોસ્ટ નહીં મળતાં તેઓ ભાજપથી નારાજ હતા. લોકસભાની ચૂંટણી આવતાં રેશ્મા પટેલે ભાજપમાંથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામા પછી તેમણે ભાજપના પ્રદેશ નેતાઓ સામે આકરા પ્રહારો કર્યા હતા.

રેશ્મા પટેલે પહેલાં એવી જાહેરાત કરી હતી કે હાર્દિક પટેલ જયાંથી ચૂંટણી લડશે ત્યાં તેઓ ચૂંટણી પ્રચાર કરશે પરંતુ અદાલતના આદેશને કારણે હાર્દિક પટેલ ચૂંટણી લડી શકે તેમ નથી તેથી રેશ્મા પટેલે પોરબંદર બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે તેઓ ચૂંટણી જીતી શકે તેમ નથી છતાં તેમણે ઉમેદવારી કરતાં પાટીદાર યુવા નેતાઓને આશ્ચર્ય થયું છે.

રેશ્મા પટેલે કહ્યું હતું કે મારા મારે હાર કે જીતનું કોઈ મહત્વ નથી પરંતુ મને આ ધરતી ઉપર રાજકીય કર્મ કરવાનો મોકો મળ્યો છે જે મારા માટે જીતથી પણ વિશેષ છે. રેશ્મા પટેલે લોકસભા જ નહીં પણ વિધાનસભાની ચૂંટણી લડવાની પણ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે માણાવદરની બેઠક પર થઈ રહેલી પેટા ચૂંટણીમાં હું ઉભી રહેવાની છું. ક્યા પક્ષમાંથી ટિકીટ મળશે તે અંગે રેશ્માએ કહ્યું નથી પરંતુ તેઓ આ બેઠક પર પણ ઉમેદવારી પત્ર ભરવાના છે.

# ભાજપમાં નવસારીના સૌથી વધુ ધનવાન ઉમેદવાર સીઆર પાટીલ છે

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પૈકી અત્યાર સુધી જેમણે ઉમેદવારી ફોર્મ ભર્યા છે તે પૈકી ભાજપના નવસારીના સાંસદ સીઆર પાટીલ સૌથી વધુ ધનવાન છે. તેમની ચૂંટણી એફિડેવીટ જોતાં તેમણે ૪૫ કરોડની સંપત્તિ જાહેર કરી છે.

નવસારી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પાટીલ પાસે ૧૨.૬૧ કરોડની તેમજ તેમના પત્ની ગંગાબેન પાસે ૯૨.૦૮ લાખની જંગમ મિલકત છે. સીઆર પાટીલની પોતાની મિલકતનું મૂલ્ય ૫.૨૯ કરોડ રૂપિયા છે. તેમને વારસામાં ૨૮.૬૯ લાખની સંપત્તિ મળી છે. એફિડેવીટમાં તેમણે કોઈપણ બેન્કના લેણાં બાકી નહીં હોવાનું દર્શાવ્યું છે.

ગંગાબેને ખરીદેલી મિકલતનું મૂલ્ય ૨૪.૮૦ કરોડ થવા જાય છે. પાટીલ પાસે ૫૬.૧૦ લાખનું તેમજ પત્ની પાસે ૫૬.૯૫ લાખના સોના-ચાંદીના ઘરેણાં છે. બન્ને પાસે ૭.૨૦ લાખની એફડી છે જ્યારે ૨૨.૫૩ લાખનું બેન્ક બેલેન્સ છે. પાટીલ પાસે સાંઇ આશિષ ડાઈંગ મિલના ૨૯ લાખ શેર છે. જો કે આ કંપની બંધ હાલતમાં છે. બે ટર્મ ચૂંટાઈ આવેલા આ સાંસદ ધોરણ-૧૧ નાપાસ છે. તેમની સામે ઠગાઈનો એક કેસ છે.